સળંગ એકમના શિક્ષકોની પુન: ગઠનની વ્યવસ્થા
કરવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક : ઉમશ-૧૧૧૫-૧૨૧-ગ.૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૧૭-૧૨-૨૦૧૫

વંચાણે લીધા :-

(૧) તારીખ ૨૭-૦૪-૨૦૧૧ ના ઠરાવ ક્રમાંક : મશબ – ૧૨૧૦ – ૩૦૭૦ – છ.

(૨) તારીખ ૦૯-૦૫-૨૦૧૧ ના ઠરાવ ક્રમાંક : મશબ – ૧૨૧૦ – ૩૦૭૦ – છ.

(૩) તારીખ ૨૪-૧૨-૨૦૧૪ ના ઠરાવ ક્રમાંક : મશબ – ૧૨૧૦ – ૩૦૭૦ – છ.

(૪) શિક્ષણ વિભાગની તારીખ ૧૧-૦૮-૨૦૧૫ની કાર્યવાહી નોંધ ક્રમાંક : પરચ-૧૨૨૦૧૩-૪૨૨-વ.૨.

(૫) કમિશ્નરશ્રી, શાળાઓની કચેરીની તારીખ ૦૧-૦૯-૨૦૧૫ની સિંગલ ફાઇલ પરની નોંધ.

ઠરાવ :-

સંદર્ભ-૧ ના વંચાણે લીધા ઠરાવથી સળંગ એકમના માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણના માળખામાં ધોરણ-૯ થી ૧૦ અને ધોરણ-૧૧ થી ૧૨ માં ધોરણ-૯ અને ૧૦ ને માધ્યમિક શિક્ષણ તરીકે અને ધોરણ-૧૧ અને ૧૨ ને ૧૦ + ૨ તરીકે લેવાની વ્યવસ્થા હતી. તેને બદલે સળંગ એકમ ગણવાની યોજના દાખલ કરવામાં આવેલ છે.

સદર ઠરાવમાં જણાવ્યા પ્રમાણે એક જ સ્થળે સરકારની અથવા ટ્રસ્ટની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા કાર્યરત છે તેવી શાળાઓને કાર્યક્ષમ સંચાલનના હેતુથી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક ધોરણ-૯ થી ૧૨ ને સળંગ એકમ ગણવામાં આવી હોય તેવી શાળાઓને ઉચ્ચતર માધ્યમિક શાળા તરીકે નામાભિધાન કરવાનું ઠરાવવામાં આવેલ છે.

ઉપરોક્ત ફેરફાર અનુસંધાને માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગના શિક્ષકો શૈક્ષણિક હેતુ માટે સળંગ શૈક્ષણિક કર્મચારી ગણાશે અને માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગના શિક્ષકોના કાર્યબોજના માપદંડ યથાવત રહેશે. પરંતુ શૈક્ષણિક કામગીરી વધુ સક્ષમ બને તે માટે જરૂરીયાત મુજબ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં ફરજ બજાવતા શિક્ષકોને લાયકાતના વિષયને અનુરૂપ કાર્યબોજ સોંપવાનું નક્કી કરવામાં આવેલ છે.

ઉપરોક્ત વિગતે કાળજીપૂર્વક વિચારણા અંતે ધોરણ-૯ થી ૧૨ ની શાળામાં માધ્યમિક વિભાગમાં શિક્ષકનું પ્રમાણ વર્ગદીઠ ૧.૫ અને ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં વર્ગદીઠ ૨.૫ છે તેને બદલે ધોરણ-૯ થી ૧૨ સુધીના સળંગ વર્ગ દીઠ ૨ શિક્ષકોનું પ્રમાણ નીચેની શરતો અનુસાર ઠરાવવામાં આવેલ છે.

(૧) ધોરણ-૯ થી ૧૨ ની જ્યાં શાળામાં સળંગ એકમ છે તેમાં લાગુ પાડવાની રહે છે અન્યથા જે માધ્યમિક શાળામાં ધોરણ-૯ થી ૧૦ ચાલે છે અને ઉચ્ચતર માધ્યમિક શાળા માત્ર ધોરણ ૧૧-૧૨ ચાલે તેમાં આ પ્રમાણે ફેરફાર કરવાની આવશ્યકતા રહેશે નહી.

(૨) ધોરણ-૯ થી ૧૨ ની જે શાળાઓમાં હાલના પ્રમાણ મુજબ જો કોઈ શિક્ષક ફેરફાર કરવાને પાત્ર થતો ન હોય તો, હાલના શિક્ષકોનું પ્રમાણ માળખું જાળવી રાખવાનું રહેશે.

(૩) ઉચ્ચતર માધ્યમિક શાળામાં વિજ્ઞાન પ્રવાહમાં જો એક વર્ગ કે બે વર્ગની શાળા હોય અને તેમાં જો કોઈ વિષય શિક્ષક ખાસ કરીને બાયોલોજી, ફીજીક્સ, કેમેસ્ટ્રી અને મેથ્સનો શિક્ષક પ્રમાણ કરતાં ખૂટતો હોય તો તેવી શાળાઓને આ વિષયો પૈકીનો એક વધારાનો શિક્ષક આપવાનો રહેશે.

(૪) ઉચ્ચતર માધ્યમિક શાળામાં વિજ્ઞાન પ્રવાહ/સામાન્ય પ્રવાહના બંને વર્ગ ચાલતા હોય તેમાં પણ જો વિષય શિક્ષક, ખાસ કરીને વિજ્ઞાન પ્રવાહમાં અગત્યના વિષય શિક્ષકની ખોટ રહેતી હોય તો તેને એ વધારાનો વિષય શિક્ષક આપવાનો રહેશે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તારીખ ૨૧-૧૦-૨૦૧૫ ની નોંધથી મળેલ સંમતિ થી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( ડી.બી.પંડ્યા )

ઉપ સચિવ

શિક્ષણ વિભાગ.

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના અંગત સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્ય મંત્રીશ્રી ના અગ્ર સચિવશ્રી, માન.મુખ્ય મંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી (શિક્ષણ) ના અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (ટે.શિ. અને ઉ.શિ.)ના અંગત સચિવશ્રી, માન.રા.ક.મંત્રીશ્રી (ટે.શિ. અને ઉ.શિ.)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (પ્રા.શિ. અને મા.શિ.)ના અંગત સચિવશ્રી, માન.રા.ક.મંત્રીશ્રી (પ્રા.શિ. અને મા.શિ.)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉ.મા.શિક્ષણ બોર્ડ, સેકટર-૧૦-એ, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ / અમદાવાદ.
- નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ (કમિશ્નરશ્રી શાળાઓની કચેરી મારફત)
- તમામ જિલા તિજોરી અધિકારીશ્રીઓ (કમિશ્નરશ્રી શાળાઓની કચેરી મારફત)
- નાયબ સેકશન અધિકારીની સિલેક્ટ ફાઈલ.
- શાખા સિલેક્ટ ફાઈલ.